હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૬૯૭, વર્ષ : ૩૦
અંક : ૧૮ સપ્ટેમ્બર-૧૬, ૨૦૧૭

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિદ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

''યુનિવર્સિટીઓનાં ત્રણ પ્રધાન કર્તવ્યો છે : બુદ્ધિ, હૃદય અને સમૂહભાવનાનો વિકાસ કરવો. પહેલું કર્તવ્ય જ્ઞાન આપવાનું અને એ દ્વારા બુદ્ધિવિકાસ સાધવાનું, બીજું, જીવનનાં મૂલ્યોને સમજવાનું ને તેને જીવનમાં ઉતારવાનું; અને ત્રીજું કર્તવ્ય સમૂહશક્તિ પ્રાપ્ત કરી વિશાળ માનવજીવનના એક અંગરૂપ બની રહેવાનું. આપણા વિદ્યાધામોમાં પહેલી વસ્તુ પર ધ્યાન અપાય છે. બીજીની અવગણના થાય છે, અને ત્રીજી વસ્તુ વિશે કોઈને કશી ખબર નથી. ત્રીજી વસ્તુ મારે મન સૌથી મહત્ત્વની છે, આપણા વિદ્યાધામો સમૂહજીવન, સમૂહશક્તિ અને સમૂહભાવનાથી ધબકતાં આશ્રમો બની જવા જોઈએ.''

**- કનૈયાલાલ મા. મુનશી**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલ સંસ્થાઓની ગુણવત્તાનું મૂલ્યાંકન તથા રેન્કિંગની કામગીરી સરકાર દ્વારા સ્થપાયેલ ત્રણ સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. યુ.જી.સી. દ્વારા પ્રસ્થાપિત નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સીલ (નેક) દ્વારા સમગ્ર ભારતમાં કાર્યરત કૉલેજો તથા યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન કરી તેમને એ, બી, સી અને ડી એમ ચાર વર્ગોમાં મૂકવામાં આવે છે. બીજી સંસ્થા, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) દ્વારા સ્થપાયેલ નેશનલ બોર્ડ ફોર એક્રિડિટેશન (એનબીએ) છે. નેક સમગ્ર સંસ્થાનું મૂલ્યાંકન કરે છે જ્યારે એનબીએ, જે તે સંસ્થાના કોઈ કાર્યક્રમનું મૂલ્યાંકન કરે છે. જેમકે - કોઈ એન્જિનિયરીંગ કૉલેજનો મિકેનિકલ ડિપાર્ટમેન્ટ, એનબીએ નુ મૂલ્યાંકન ધરાવતો હોય, અન્ય વિભાગો તથા સમગ્ર કૉલેજનું એક્રિડિટેડ ન પણ હોય. ત્રીજી સંસ્થા ભારત સરકારના માનવ સંશાધન વિભાગ દ્વારા નેશનલ ઈન્સ્ટીટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) દ્વારા યુનિવર્સિટી તથા કૉલેજોનું રેન્કિંગ કરવામાં આવે છે.

વૈશ્વિક સ્તરે યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન તથા રેન્કિંગ આપતી બે સંસ્થાઓ પ્રખ્યાત છે. ચીનની શાંઘાઇ સ્થિત જિઓ ટોન્ગ યુનિવર્સિટીના ઈન્સ્ટીટ્યૂટ ઓફ હાયર એજ્યુકેશન દ્વારા દર વર્ષે વિશ્વની શ્રેષ્ઠ (વર્લ્ડ ક્લાસ) યુનિવર્સિટીઓને અલગ તારવી તેમને ક્રમ આપી અહેવાલ પ્રકાશિત કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૩થી આવુ રેન્કિંગ પ્રકાશિત દર વર્ષે પ્રકાશિત થાય છે. આ અહેવાલ 'શાંઘાઈ રિર્પોટ' તરીકે પણ પ્રચલિત છે. આ રીપોર્ટ તૈયાર કરવા માટે પ્રથમ સમગ્ર વિશ્વની અગ્રગણ્ય યુનિવર્સિટીઓ તથા સંસ્થાઓની યાદી તૈયાર કરવામાં આવે છે. આ યાદીમાં પ્રાથમિક સ્થાન મેળવનાર સંસ્થાઓમાં ચાલતા વિશ્વ કક્ષાના વિવિધ અભ્યાસક્રમો, આંતરરાષ્ટ્રીય કક્ષાના સંશોધનો-પ્રકાશનો, અધ્યાપકોની સજ્જતા, શૈક્ષણિક સ્વાતંત્ર્ય તથા નવીનીકરણ માટેનું વાતાવરણ, નાણાકીય સ્વતંત્રતા, ભૌતિક સવલતો, અસરકારક નેતાગીરી તથા સંસ્થાનું પ્રશાસન જેવી બાબતો ધ્યાને લઈ રેન્કિંગ આપવામાં આવે છે. આ માટે પાંચ મુખ્ય માપદંડો, શિક્ષણની ગુણવત્તા (૧૦ ટકા), અધ્યાપકોની સજ્જતા તથા ગુણવત્તા (૪૦ ટકા), સંશોધન તથા પ્રકાશન પ્રવૃત્તિ (૪૦ ટકા) તથા છેલ્લે ૧૦ ટકા ગુણભાર સંસ્થાની શૈક્ષણિક સિદ્ધિઓ અંગેના છે.

વર્ષ ૨૦૦૩થી નિયમિત પ્રકાશિત થતા આ રેન્કિંગમાં વર્ષ ૨૦૧૭ સુધી મોટે ભાગે અમેરિકા, યુરોપ, ચીન, જાપાન જેવા દેશોની યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે. આપણા દેશની કેટલીક સંસ્થાઓનો આ રેન્કિંગમાં સમાવેશ થયેલ છે. જેમકે - ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સ- બેંગલોર, ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી-ખડગપુર, કલકત્તા યુનિવર્સિટી, વિગેરે માત્ર પાંચથી છ સંસ્થાઓનો વર્ષ ૨૦૦૩થી ૨૦૧૭ સુધીમાં સમાવેશ થાય છે. શાંઘાઈ રીપોર્ટમાં પ્રથમ ૫૦૦ના ક્રમ સુધીમાં આવતી સંસ્થાઓની યાદી જાહેર કરાય છે. ભારતની આ પાંચ-છ સંસ્થાઓનો ક્રમ ૩૦૦ની નીચેનો રહ્યો છે. વળી, દર વર્ષે આ ક્રમ પણ જળવાતો નથી.

વૈશ્વિક રેન્કિંગ આપતી બીજી પ્રચલિત સંસ્થા ધી ટાઇમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ (THEW) છે. વર્ષ ૨૦૦૪થી દર વર્ષે સપ્ટેમ્બર માસમાં ટાઇમ્સ રેન્કિંગનો અહેવાલ પ્રકાશિત થાય છે. આ વર્ષે ૭મી સપ્ટેમ્બરના રોજ તેનો ચૌદમો વાર્ષિક અહેવાલ પ્રકાશિત થયો છે. વિશ્વની શ્રેષ્ઠ ૧૦૦૦ જેટલી સંસ્થાઓનું રેન્કિંગ કરવામાં આવે છે. આ માટે પાંચ મુખ્ય માપદંડો ધ્યાનમાં લેવામાં આવે છે. (૧) અભ્યાસ માટેનુ વાતાવરણ (૩૦ ટકા), (૨) સંશોધન કામગીરી (૩૦ ટકા) (જથ્થો, ગુણવત્તા, નાણાકીય ઉપાર્જન), (૩) સંશોધનની અસરો (Citation)ના ૧૦%, (૪) આંતરરાષ્ટ્રીય ખ્યાતિ (સ્ટાફ, વિદ્યાર્થીઓ તથા સંશોધનના ૭.૫%) અને છેલ્લે, (૫) ઉદ્યોગ પાસેથી આવક ઉપાર્જન ૨.૫%નો ગુણભાર રાખેલ છે. આ પાંચ મુખ્ય માપદંડોને વિભાજીત કરી તેર પેટા ગુણાંકનો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે. આ રેન્કિંગને વિશ્વની પ્રખ્યાત ઓડિટ

કરતી કંપની 'પ્રાઇઝવોટરહાઉસ કૂપર' દ્વારા સ્વતંત્ર રીતે ઓડિટ કરી પ્રમાણિત કરવામાં આવે છે. આ યાદીમાં ભારતની એકમાત્ર સંસ્થા - ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગ્લોરનો સમાવેશ થાય છે જેનુ રેન્કિગ (૩૦૧ થી ૪૦૦)ની વચ્ચે આવે છે.

ટાઇમ્સના આ રેન્કિગ વર્ષ ૨૦૧૭ પ્રમાણે પ્રથમ દસમાં બ્રિટનની ત્રણ સંસ્થાઓ (ઓક્સફર્ડ યુનિવર્સિટી, કેમ્બ્રિજ યુનિવર્સિટી તથા ઇમ્પીરીયલ કૉલેજ ઓફ લૉ)નો સમાવેશ થાય છે. અમેરિકાની છ સંસ્થાઓ (કેલિફોર્નિયા ઇન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી, સ્ટેનફર્ડ યુનિવર્સિટી, એમઆઇટી, હાવર્ડ યુનિવર્સિટી, પ્રિન્સટન યુનિવર્સિટી તથા યુનિવર્સિટી ઓફ શિકાગો) નો સમાવેશ થાય છે. દસમા ક્રમે સ્વીત્ઝરલેન્ડની ઝુરિચ સ્થિત ઇટીએચ યુનિવર્સિટી આવે છે.

આ અહેવાલમાં એશિયા ખંડની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓનું રેન્કિગ પણ આપવામાં આવે છે. જેમાં ચીનની ચાર યુનિવર્સિટીઓ, ત્રણ જાપાનીઝ યુનિવર્સિટીઓ, હોંગકોંગ, સિંગાપોર અને લેબાનોનની એક-એક યુનિવર્સિટીઓ સ્થાન પ્રાપ્ત કરે છે. ભારતનું સ્થાન ક્યાંય નથી.

આ બંને અહેવાલોથી સ્પષ્ટ થાય છે કે આપણા દેશમાં અનેક યુનિવર્સિટીઓ હોવા છતાં, વિશ્વ સ્તરની ગણી શકાય તેવી સંસ્થા વિકસી નથી. આ અંગેનું એક કારણ ગુણવત્તાની બાબતમાં આપણી નિષ્ક્રીયતા. જે દેશોની સંસ્થાઓ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે તે દેશોમાં ગુણવત્તા તથા સતત સુધારા માટે સ્વ-મૂલ્યાંકન પર ખૂબ જ ભાર મૂકાય છે. અમેરિકાની વાત કરીએ તો ઉદ્યોગોમાં ગુણવત્તા સતત સુધરતી રહે તે માટે ૧૯૮૭થી નેશનલ ક્વોલિટી પ્રોગ્રામ ચાલે છે. ''માલ્કમ બાલ્ડ્રીજ એવોર્ડ'' નામે ઓળખાતો ગુણવત્તા સુધારણાનો આ સર્વોચ્ચ એવોર્ડ અમેરિકન પ્રેસિડેન્ટ દ્વારા આપવામાં આવે છે. શરૂઆતમાં માત્ર ઔદ્યોગિક પેદાશોની ગુણવત્તા માટે અપાતો આ એવોર્ડ હવે શૈક્ષણિક સંસ્થાઓને પણ અપાય છે.

શૈક્ષણિક સંસ્થાઓને અપાતા માલ્કમ બાલ્ડ્રીજ એવોર્ડ માટે વિવિધ પરિબળોને ધ્યાને લઈ 'નેક' જેવી જ મૂલ્યાંકનની કામગીરી અપનાવવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાનું વાતાવરણ, સંબંધો અને સંસ્થાના પડકારોને આધાર માની, સાત પરિબળો ધ્યાનમાં લેવાય છે. જેમાં નેતાગીરી, વ્યૂહાત્મક આયોજન, ગ્રાહકલક્ષી અભિગમ, પૃથ્થકરણ, મૂલ્યાંકન અને નોલેજ મેનેજમેન્ટ, કર્મચારીઓ પ્રત્યેનો અભિગમ, સંચાલનની પ્રક્રિયા તથા સાતમુ પરિબળ પરિણામો ધ્યાનમાં લેવામાં આવે છે. આ સાત પરિબળોને મુખ્ય અગીયાર મૂલ્યોને આધારે ચકાસવામાં આવે છે. આ મૂલ્યોમાં વિચક્ષણ નેતાગીરી, અભ્યાસ-કેન્દ્રી શિક્ષણ, સંસ્થાનું વિઝન તથા મિશન, ભાવિલક્ષી આયોજન, નવીનીકરણનું સંચાલન, જેવી મૂલ્યલક્ષી બાબતો ધ્યાનમાં રાખવામાં આવે છે. પ્રક્રિયા સુધારણાના પરિણામો, બજારલક્ષી પરિણામો, કર્મચારીઓના સંતોષને લગતા પરિણામો, વિદ્યાર્થીલક્ષી પરિણામો, નાણાકીય પરિણામો વગેરેની માપણી કરવામાં આવે છે. આ એવોર્ડની મુખ્ય બાબત છે - સતત આંતરિક મૂલ્યાંકન થકી ગુણવત્તાલક્ષી અભિગમની તમામ હિતધારી પક્ષકારોની કેળવણી તથા સભાનતા. આવુ થવાથી ગુણવત્તા સહજ રીતે નીપજે છે.

ઉપરોક્ત તમામ બાબતોનું ચિંતન કરતાં સ્પષ્ટ થાય છે કે અહીં કશુંક મૂળભૂત ખૂટે છે. એક સમયે નાલંદા, તક્ષશિલા કે વલ્લભી જેવા વિશ્વવિદ્યાલયોનો આ દેશ સમયની સાથે કેમ પાછળ ધકેલાતો ગયો. મુગલોનું આ દેશમાં આગમન થયું ત્યાં સુધી ગણિત, વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર જેવા અનેક ક્ષેત્રોમાં ભારતની અહમ્ ભૂમિકા રહી છે. આ સફળતાનું રહસ્ય એક જ રહ્યું છે - નવા વિચારો, નવું શોધવાની, નવું કરવાની, નવું જાણવાની સતત મથામણ. અંગ્રેજોના આગમન પછી આ નવીનીકરણની દિશા લૂપ્ત થઈ ગઈ. આજે ભારત અનેક ક્ષેત્રોમાં પાછળ ધકેલાઇ ગયું. કારણ કે આપણે નવું શોધવાને બદલે નકલ કરવામાં પાવરધા થઈ ગયા. ઉદાહરણ તરીકે ભારતનો સિનેમા ઉદ્યોગ જોઇએ તો અનેક ચલચિત્રો પશ્ચિમની કોઈ સિનેમાની બેઠી નકલ હોય.

વિશ્વના આગલી હરોળના કોઈ દેશની શિક્ષણ પદ્ધતિ જોઇએ તો બાળક રમકડાઘર કે બાલમંદિરમાં જાય તે સ્તરેથી તેને પોતાના દેશ વિશે, તેની ભાષા વિશે, દેશની સંસ્કૃતિ વિશે, તેના બૌદ્ધિકો વિશે, દેશની ક્રાંતિના ઇતિહાસ વિશે સંપૂર્ણ જ્ઞાન આપી, દેશાભિમાન પ્રગટ કરવામાં આવે છે. પરિણામે, બાળક પુખ્ત થાય ત્યાં સુધી તેના માનસમાં 'દેશાભિમાન' સહજ પ્રગટ થાય છે. આપણી શિક્ષણ પદ્ધતિમાં - મેકોલના સમયથી ચાલી આવતી - આવી કોઈ વ્યવસ્થા નથી. આપણા મહાન હીરો - શિવાજી, મહારાણા પ્રતાપ વિગેર વિશે વિદ્યાર્થીઓમાં કેટલી જાગૃતિ છે ? આપણા મહાન બૌદ્ધિકો - શ્રી અરવિંદ, મહાવીર સ્વામી, ભગવાન બુદ્ધ વિગેરે વિશે અભ્યાસક્રમોમાં કેટલું સમાવિષ્ટ છે? આપણા ભવ્ય વારસાને નષ્ટ કરનાર પરિબળો વિશે શું ભણાવાય છે? ભારતીયતા - Indianness પ્રગટે તે માટે આપણે કેટલા સભાન છીએ? આપણા ધર્મોની વિશેષતાઓ વિશે યુવાનોને કેટલા શિક્ષિત કરાય છે? માત્ર વૈદિક ધર્મ જ મૂળભૂત પ્રશ્ન કરે છે - હું કોણ છું? કર્મ અને ધર્મનો સંબંધ શું છે? વિશ્વના કોઈ ધર્મો આ મૂળતત્ત્વો વિશે સતત વિચારતા હોય તેવું જણાતું નથી.

ટૂંકમાં કહી શકાય કે આપણી શિક્ષણ સંસ્થાઓમાં આપણા મૂળ (Roots) વિશે કોઈ ચિંતન નથી. પરિણામે સંશોધનવૃત્તિ તથા નવીનીકરણ આપણને ગળથૂથીમાંથી મળતું નથી. જેથી 'Indianness' પ્રગટતું નથી. જ્યાં સુધી તમામ યુવાનોમાં આવા 'Indianness'ની ભાવના પ્રગટ ન થાય ત્યાં સુધી 'દેશાભિમાન' પ્રગટે નહીં અને માટે જ સવાસો કરોડ દેશવાસીઓના દેશનું ઓલિમ્પીકમાં કંગાળ પ્રદર્શન જ થાય. આપણે નકલને ત્યજી આપણા 'મૂળ'ને ધ્યાને રાખી, નવીનીકરણની માનસિકતાના બીજ શિક્ષણની પ્રણાલીમાં રોપવામાં આવે તોજ આપણી 'હરીફાઇયુક્ત' ક્ષમતામાં વૃદ્ધિ થાય.

'વર્લ્ડ ક્લાસ'ની ભૂમિકા બનાવવા માટે 'ટોપ-ડાઉન' અભિગમને બદલે 'બોટમ-અપ' થકી જ સફળતા મળી શકે. આ માર્ગ સહજ રીતે લાંબો છે, પણ આ પંથે જવાથી જ ભારત 'વિશ્વગુરુ' પદે બિરાજવા સક્ષમ બની શકશે.

તા. ૧૬-૦૯-૨૦૧૭
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ





શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત

## ટેબલેટ વિતરણ સમારોહ

NAMO e-TAB

New Avenues of Modern education through Tablets














સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૭ દરમ્યાન ગુજરાતની માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે રૂા. ૧૦૦૦/-ના ટોકન દરે ટેબ્લેટ યોજના અમલમાં મૂકવામાં આવેલ. મહેસાણા જિલ્લાની ૨૬ કૉલેજો સિવાયની ૧૩૨ કૉલેજો માટે ટેબ્લેટ વિતરણ સમારોહ તા. ૨૮-૮-૨૦૧૭ના રોજ યુનિવર્સિટી ખાતે માન. નાયબ મુખ્યમંત્રીશ્રી તથા માન. શિક્ષણમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. મહેસાણા જિલ્લાની કૉલેજોના ટ્રસ્ટીશ્રીઓ તથા પ્રિન્સીપાલશ્રીઓની વિનંતીને ધ્યાને લઈ મહેસાણા જિલ્લાની ૨૬ કૉલેજો માટે તા. ૭-૯-૨૦૧૭ના રોજ સવારે ૯-૦૦ કલાકે મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ અર્બન બેંક સાયન્સ કૉલેજ, મહેસાણા-નાગલપુર ખાતે 'નમો ઈ-ટેબ' ટેબ્લેટ વિતરણ કાર્યક્રમ માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, માન. જયશ્રીબેન પટેલ, માન. રજનીભાઈ પટેલ, કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. કુલસચિવશ્રી ડૉ. ડી.એમ. પટેલ, કારોબારી સભ્યશ્રીઓ, કૉલેજના અધ્યાપકો, કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ, પ્રિન્સીપાલશ્રીઓ, જિલ્લાની ૨૬ કૉલેજના વિદ્યાર્થીઓ અને પ્રેસ મિડીયાના મિત્રો હાજર રહેલ.

માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ સદર ટેબ્લેટનો ઉપયોગ પોતાની શૈક્ષણિક અને કારકીર્દી માટે ઉપયોગ કરે તેના પર ભાર મૂક્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાત રાજ્યમાં હેમ.ઉ.ગુ.યુનિ. એ રાજ્યની વિસ્તારની દૃષ્ટિએ તથા કૉલેજોની સંખ્યાની દૃષ્ટિએ સૌથી મોટી યુનિવર્સિટી છે.

માન. કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ દ્વારા યુનિવર્સિટીમાં ૧૦ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ માટેનું ઓડીટોરીયમ તથા સરકારશ્રી દ્વારા યુનિવસિટીની ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફની મંજૂર કરાયેલ પોસ્ટો બદલ સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

દરેક કૉલેજોમાંથી બે વિદ્યાર્થીઓને સ્ટેજ પરથી મહેમાનશ્રીઓના વરદ હસ્તે ટેબ્લેટ આપવામાં આવ્યા હતા અને બાકીના વિદ્યાર્થીઓ માટે સાયન્સ કૉલેજના ઓફીસમાંથી તેઓના ટેબ્લેટ વિતરણની વ્યવસ્થા કરાઈ હતી. જે વિદ્યાર્થીઓ સદર પ્રોગ્રામમાં હાજર રહ્યા હતા તે તમામને કૉલેજ તરફથી બપોરના ભોજન માટે ફૂડ પેકેટની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત ડૉ. રશ્મિનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ટેબ્લેટ અંગે માર્ગદર્શન અને જરૂરિયાત દર્શાવતી બે વિડીયો ક્લીપ સંભળાવવામાં આવી હતી.

મહેસાણા જિલ્લાની કૉલેજો વાઈઝ લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે છે.

| મહેસાણા જિલ્લાની કૉલેજો | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| બેચરાજી | ૧૩૦ |
| ગણેશપુરા | ૭૭ |
| ગોઝારીયા | ૭૮ |
| કડી | ૪૮૭ |
| મહેસાણા | ૨૧૮૪ |
| નાનીકડી | ૩૫૩ |
| વડુ | ૧૫૬ |
| કુલ | ૩૪૭૪ |

આભારવિધિ અર્બન સાયન્સ કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. ડી.આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું. ટેબ્લેટ વિતરણ કામગીરી યુનિવર્સિટી ગણિત વિભાગના વડા ડૉ. એમ.બી. પ્રજાપતિ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન શ્રી અશોક ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ હતું.

## કાર્યક્રમ





હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના 'CASH' સેલ તથા નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન, ન્યુ દિલ્હીના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના હોસ્પિટલ મેનેજમેન્ટ વિભાગમાં ૧૧૫ વિદ્યાર્થીઓની હાજરીમાં મા. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને માનવ અધિકાર વિષય પર એક દિવસીય ટ્રેનીંગ પ્રોગ્રામ યોજાઇ ગયો. મા. કુલપતિશ્રીએ માનવ અધિકારના વિષય પરિચય તેમજ માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણાના આર્ટીકલ્સના સંદર્ભે સંબોધન કર્યું હતું.

કાર્યક્રમમાં કી-નોટ સ્પીકર તરીકે ડૉ. જે.યુ. નાણાવટી (પ્રિન્સીપાલ, શેઠ એમ.એન. લૉ કૉલેજ, પાટણ) દ્વારા બાળ-મજૂરીના માનવ અધિકારો તથા વાસ્તવિક પરિસ્થિતિ વિષે, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગરના એસો. પ્રો. ડૉ. વિકાસ ગાંધી દ્વારા માનવ અધિકારોના 'Compositons and Function of NHRC/SHRCs' વિષે ડિપાર્ટમેન્ટ ઓફ લૉ, રક્ષાશક્તિ યુનિવર્સિટીના અધ્યક્ષા ડૉ. ડિમ્પલ રાવલ દ્વારા સ્ત્રીઓ અને બાળકોના અધિકારો વિષે અને લૉ કૉલેજ, ડિસાના તથા ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, ગાંધીનગરના ડાયરેક્ટર ડૉ. રાજુલ દેસાઈ દ્વારા ભારતીય બંધારણના મૂળભૂત અધિકારો અને માનવ અધિકારો વિષય માહિતી આપી હતી.



ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (GEDA) દ્વારા હેમ.ઉ.ગુ.યુનિ.ના ૧૯ બિલ્ડીંગો ઉપર રૂફ ટોપ સોલાર પેનલ ઈન્સ્ટોલેશન સીસ્ટમની શરૂઆત તા. ૪-૯-૨૦૧૭ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયના ધાબા ઉપર સાંજના ૪-૦૦ કલાકે માન. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના વરદ્ હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે કારોબારી સભ્યશ્રીઓ, ડિપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી શાખાના વડાશ્રીઓ, અધિકારીઓ તથા સુપરવાઈઝરી કેડરના કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા.



ઉત્તર ગુજરાત વીજ કંપની લી. (UGVCL) દ્વારા યુનિવર્સિટીનાં ૫ કિલોમીટર લાંબા કેમ્પસમાં રૂ. ૭૫ લાખનાં ખર્ચે ભૂગર્ભ કેબલ સંગ્રહિત વીજ તારોના નેટવર્કનાં પ્રપોઝલને મંજૂરી આપતા માન. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિની ઉપસ્થિતિમાં એક્ઝિક્યુટીવ એન્જીનિયરના વરદ હસ્તે તેની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડેપ્યુટી એન્જીનિયરશ્રી, કારોબારી સભ્યશ્રીઓ, પ્રિન્સીપાલશ્રીઓ, યુનિવર્સિટી સ્ટાફ હાજર રહ્યા હતા. આ નેટવર્ક પ્રસ્થાપિત કરવાનો સમગ્ર ખર્ચ UGVCL દ્વારા આપવામાં આવનાર છે.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી

* આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભિલોડામાં તા. ૯-૮-૧૭નાં રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અતિથિ વિશેષ તરીકે પૂર્વ ડી.વાય.એસ.પી. ડામોર સાહેબ અને ખરાડી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.
* આર્ટ્સ કોલેજ, વડાલીમાં ગુજરાતી વિભાગ દ્વારા તા. ૨૩-૮-૧૭ના રોજ 'વીર નર્મદની જન્મજયંતી' ઉજવાઇ હતી.
* આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૬-૮-૨૦૧૭ના રોજ ગણેશચતુર્થીની પૂજા-આરતી અને રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.
* શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરના ગુજરાતી વિભાગ દ્વારા 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણીની ૧૨૧મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી.
* આશ બી.એડ્.કોલેજ, વિજાપુર દ્વારા ગાંધીયુગના સાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતી ઉજવવામાં આવી હતી.
* તા. ૫-૯-૧૭ના રોજ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૭૦ વિદ્યાર્થીઓએ શિક્ષક બની સ્વયં શિક્ષણ દિન ઉજવ્યો હતો.
* શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજમાં ૫ સપ્ટેમ્બરે શિક્ષકદિન નિમિત્તે કોલેજના ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.
* તા. ૫મી સપ્ટેમ્બરના રોજ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં શિક્ષકદિનની ઉજવણી

કરવામાં આવી હતી. જેમાં ૨૫ જેટલા બી.એ./બી.કોમ.ના વિદ્યાર્થીઓએ ભાગ લઇ અધ્યાપનકાર્ય કરાવ્યું હતું.

❋ શ્રી આદર્શ આર્ટ્સ કોલેજ, દિયોદર ખાતે તા. ૫-૯-૨૦૧૭ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.

❋ લક્ષ્મી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ.ટી.ટી. કોલેજ, વિસનગરમાં તા. ૫-૯-૨૦૧૭ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.

❋ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુર ખાતે તા. ૫-૯-૨૦૧૭ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.

❋ શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં તા. ૧-૯-૧૭ના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા તા. ૫-૯-૨૦૧૭ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.

## એન.એસ.એસ.

❋ શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના યુનિટ દ્વારા તા. ૧૭-૮-૧૭ થી તા. ૨૩-૮-૧૭ દરમ્યાન મુ. ઉજ્જનવાડા, તા. ભાભરમાં 'સ્વચ્છતા અને સંવેદના શિબિર' યોજાઇ.




❋ શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા તથા શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સ સંલગ્ન એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે કોલેજ કેમ્પસ પર તા. ૧૯-૮-૧૭ના રોજ સ્વાઇન ફ્લુ સામે રક્ષણ મેળવવા આયુર્વેદિક ઉકાળા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સહયોગથી તા. ૨૯ ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ ૨૨૮ વિદ્યાર્થીઓ માટે થેલેસેમીયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કાર્યક્રમ

❋ તા. ૨-૮-૧૭ના રોજ બી.કે. મર્કેન્ટાઇલ બેંક લૉ કોલેજમાં 'ચર્ચાસભા' યોજવામાં આવી હતી. ચર્ચાસભાનો વિષય બાળલગ્ન, પડદા પ્રથા, સ્ત્રી ભ્રૂણહત્યા, સતીપ્રથા, દહેજ મૃત્યુ હતાં. કાર્યક્રમમાં પેનલ તરીકે આર્ટ્સ કોલેજ, ડીસાના અધ્યાપિકા શ્રીમતી દિવ્યા પીલ્લઇ, બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળના અધ્યક્ષ શ્રી શિરીષકુમાર મોદી, લૉ કોલેજના પ્રિન્સીપાલ શ્રીમતી રવિદાન આર. કરનાની તેમજ શ્રી અપૂર્વ મહેતા હાજર હતા.

❋ શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણામાં તા. ૩-૮-૨૦૧૭ના રોજ બી.ફાર્મ સેમેસ્ટર-૧નો ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો. પ્રિ. ડૉ. સી.એન. પટેલ તથા પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓને કારકીર્દી વિષયક માહિતી આપી હતી.

❋ શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૨૬મી ઓગષ્ટે કોલેજ પ્રાંગણમાં 'વિસરાતા સૂર' - લોકગીતનો કાર્યક્રમ યોજાયો. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની ઝાંખી કરાવતા પ્રાચીન ગીતોમાં ગોર, કાનુડો તથા લગ્નના જુદા જુદા રીતરીવાજ પ્રમાણેના ગીત વિદ્યાર્થિનીઓએ રજૂ કર્યા હતા.

❋ એચ.કે.એમ. આર્ટ્સ એન્ડ પી.એન. પટેલ કોમર્સ કોલેજ, ઇડરમાં એનએસએસ, એનસીસી, સ્પોર્ટ્સ, સાંસ્કૃતિક વિભાગના વિદ્યાર્થી પ્રતિનિધિઓની રચના બાદ એક બેઠક તા. ૨૨-૮-૧૭ના રોજ મળી. આ બેઠકમાં વિદ્યાર્થીઓએ પોતાનો પરિચય આપ્યો અને તેમના પ્રશ્નોની તથા ભવિષ્યના આયોજન માટે સૂચનો રજૂ કર્યા હતા.

❋ મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરીના ગ્રંથાલયના ઉપક્રમે પ્રથમ વર્ષની વિદ્યાર્થિનીઓ માટે ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય વક્તા ગ્રંથપાલ શ્રી બી.એમ. ગોસ્વામીએ વર્તમાન સમયમાં વાંચનનું મહત્ત્વ, ગ્રંથાલયમાં ઉપલબ્ધ પુસ્તકો, સંદર્ભગ્રંથો, સામયિકો વિશેની માહિતી આપી હતી. પ્રિ ડૉ. કે.એલ. પટેલે સમૃદ્ધ વાંચન દ્વારા વ્યક્તિત્વ વિકાસ ઘડવા તેમજ બુક રિવ્યુ વિશે સમજ આપી હતી.

❋ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં 'સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા' અને ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૪-૯-૧૭ના રોજ 'મીરાનાં પદોનું ગાન'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો. રાઠોડ શિતલે મીરાના જીવન વિશે રજૂઆત કરી હતી. ડૉ. મહેશભાઇ કટારીયાએ પણ પદનું ગાન કરી વિદ્યાર્થિનીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

❋ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજમાં સંસ્કૃત વિભાગ દ્વારા 'શિવમહિમા' કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં ૧૩ છાત્રાઓએ શિવ વિષયક વાર્તાલાપ તથા ભજન અને સ્તોત્રગાન કર્યું. પ્રિ. હિનાબેન પટેલે શિવમહિમા કરતા શિવમાનસ પૂજાના શ્લોકોનો પાઠ કર્યો હતો.

## તાલિમ

❋ શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૮-૮-૨૦૧૭ થી તા. ૧૪-૮-૨૦૧૭ સુધીનો યુવક સહકારી શિક્ષણ તાલિમ વર્ગનું આયોજન પાટણ જિલ્લા સહકારી સંઘ દ્વારા કરવામાં આવ્યું હતું. સંઘમાંથી આવેલ સી.ઇ.આઇ. દેવરાજભાઇ ચૌધરીએ એક અઠવાડીયા સુધી સહકારી પ્રવૃત્તિનો ઉદ્ભવ, વિકાસ, સિદ્ધાંતો અને સહકારના મૂલ્યો, સહકારી કાયદો, સહકારી સંસ્થાઓ તેમજ નવિન સહકારી મંડળીઓ પાયાથી કેવી રીતે ઉભી કરી શકાય તે વિશે તાલીમ આપી હતી.

## વર્કશોપ



❋ શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કોલેજમાં શ્રીજી હેન્ડીક્રાફ્ટ દ્વારા 'ગ્લાસ પેઇટીંગ વર્કશોપ' કે જેમાં ગ્લાસ પેઇન્ટીંગ, ફ્લાવર મેઇકીંગ, પેન સ્ટેન્ડ જેવી વિવિધ વસ્તુઓ બનાવવાની તાલીમ માટેનાં વર્કશોપનું આયોજન તા. ૮-૮-૧૧ થી તા. ૧૧-૮-૧૭ દરમ્યાન કરવામાં આવ્યું હતું.



✲ શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણામાં તા. ૧૨-૮-૨૦૧૭ના રોજ આઇ.ક્યુ.એ.સી. દ્વારા ''સ્ટુડન્ટ્સ સ્ટાર્ટઅપ : ઇનોવેટિવ આઇડિયાઝ'' વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. હિતેશભાઇ પંચાલે સ્ટાર્ટઅપ પ્રોગ્રામના બધા જ પાસાંઓને આવરી લઇને વિષય પર ઊંડાણપૂર્વકની માહિતી આપી હતી.

✲ ઇડર આંજણા પાટીદાર એચ.કે.એમ. આર્ટ્સ એન્ડ પી.એન. પટેલ કોમર્સ કોલેજ, ઇડરમાં વુમન એમ્પાવરમેન્ટ સેલ દ્વારા પ્રથમ વર્ષમાં જોડાયેલી બહેનો માટે રાખડી બનાવવાનો વર્કશોપ યોજાયો હતો.

## વિસ્તરણ પ્રવૃત્તિ

✲ શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણાના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૩ જુલાઇ, ૨૦૧૭ના રોજ બ્લડ બેંક, મહેસાણાના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું.

✲ મણિબેન એમ.પી. શાહ મહિલા કોલેજ, કડીના મંત્રીશ્રીએ સ્વ. ડૉ. મધુસુદન શાહની જન્મજયંતિ નિમિત્તે 'મધુવૃક્ષ' તથા માતૃશ્રી આનંદીબેન શાહના નામનું 'આનંદીવૃક્ષ'નું આરોપણ કર્યું હતું. નામાભિધાનિત વૃક્ષોને દત્તક લઇ પોષણ તથા ઉછેરની જવાબદારી પ્રા. મનસુખ પટોલિયાએ તથા કોલેજમાં અભ્યાસ કરતી છાત્રા સોનલે લીધી હતી.

✲ ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મેહસાણા દ્વારા તા. ૩૧-૭-૧૭ના રોજ બનાસકાંઠા પૂર અસરગ્રસ્તો માટે પ્રશિક્ષણાર્થીઓ દ્વારા મહેસાણાના જુદા-જુદા વિસ્તારમાંથી ફંડફાળો એકત્રિત કરીને કોલેજના પ્રિ.ડૉ. એમ. કે. પટેલના હસ્તે કલેક્ટરશ્રી (મહેસાણા)ને ચેક રૂપે અર્પણ કરાયો હતો.



✲ આર્ટ્સ કોલેજ,શામળાજીમાં એનસીસી (એસડી,એસડબલ્યુ) હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

✲ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના સમાજશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓ દ્વારા બનાસકાંઠા પુર રાહત કાર્યમાં સેવા અને શ્રમકાર્યના ભાગરૂપે ધાનેરા તાલુકાના થાવર ગામે તા. ૮-૮-૨૦૧૭થી તા. ૧૨-૮-૨૦૧૭ સુધી સ્વચ્છતા અને સફાઇ કાર્ય કરવામાં આવેલ. જેમાં ગામની શાળાઓ, મંદિરો અને સ્મશાનગૃહમાઃ થયેલ ગંદકી, કાદવ દૂર કરી સ્વચ્છ કરવામાં આવ્યા હતા. સમાજશાસ્ત્ર વિભાગના ૬૩ વિદ્યાર્થીઓ, પ્રા. રીંકલબેન ચૌધરી અને પ્રા. સરોજબેન ચૌધરી સાથે રહી આ સેવાકાર્યના પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

✲ શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણાના એન.એસ.એસ. યુનિટ દ્વારા ગામ-જલોયા, તા. સૂઈ, જિ. બનાસકાંઠા મુકામે તા. ૧૦-૮-૨૦૧૭ થી તા. ૧૬-૮-૨૦૧૭ દરમ્યાન કુલ ૭ દિવસ માટે પુરગ્રસ્ત વિસ્તારના ગામની સ્વચ્છતા અને પુનઃ સ્થાપના શિબિર, ડૉ. એચ.એસ. વિરમગામી અને પ્રા. જે.આઇ. પ્રજાપતિની આગેવાની હેઠળ યોજી હતી.

✲ આર્ટ્સ કોલેજ, શામળાજીના નવીન બિલ્ડીંગનું વાસ્તુપૂજન તા. ૧૭-૮-૨૦૧૭ના રોજ સંપન્ન થયું.

✲ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા અને હે.ઉ.ગુ.યુનિ., પાટણના આદેશ મુજબ ધાનેરા તાલુકાના નેનાવા ગામને પુરગ્રસ્ત ગામ સેવા અને ઉત્થાન માટે દત્તક લેવામાં આવ્યું છે. નેનાવા દત્તક ગામમાં તા. ૧૯-૮-૧૭ થી તા. ૨૫-૮-૧૭ સુધી રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રો.ઓ.શ્રી ઉમેદભાઇ એચ. પટેલ અને ૫૦ સ્વયંસેવકો દ્વારા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ રોગ નિદાન કેમ્પ, ગામના રસ્તાઓ અને ગામની સંસ્થાઓની સાફ-સફાઇ અને સ્વચ્છતા, નુકશાન અને રાહતના વિગતવાર પત્રકો દ્વારા પુરગ્રસ્ત કુટુંબોનું સર્વેક્ષણ કરી તેનો વાસ્તવિક પરિસ્થિતિનો વિગતવાર અહેવાલ જિલ્લા કલેક્ટરશ્રીને રજૂ કરવામાં આવશે.

✲ બનાસકાંઠા જિલ્લાના રાધનપુર, ધાનેરા, પાટણ વિસ્તારોમાં અતિવૃષ્ટિને કારણે થયેલ માલહાનિ અને જાનહાનિમાં અસરગ્રસ્તોને આર્ટ્સ કોલેજ, શામળાજી અને તેના તમામ કર્મચારીઓએ હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી પાટણના આદેશાનુસાર પોતાનો એક દિવસનો પગાર આપી રૂા. ૮૮,૪૦૦/-ની સહાય કરી હતી. બી.એડ્. કોલજ શામળાજીએ રૂા. ૨૧,૦૦૦/-સહાય કરેલ છે.

✲ શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરના એન.એસ.એસ. વિભાગ દ્વારા સમી, શંખેશ્વર તાલુકાના ૧૫ ગામોમાં ૨૦ હજાર ફૂડપેકેટ તેમજ ત્રણ ટ્રક અનાજ, વાસણ, ધાબળાની કીટનું કાંકરેજ તાલુકાના ગામોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

✲ શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણામાં યુ.જી.સી. એક્ષ્ટેન્શન પ્રવૃત્તિ અંતર્ગત મોડેલ સ્કૂલ, ગોળિયાપરા (સતલાસણા)ના સંયુક્ત ઉપક્રમે ત્રણ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં બાળકોને માટે એનિમિયા અંગે ડૉ. શૈલેષ તુરીએ માહિતી આપી. ઉપરાંત સ્ત્રી સશક્તિકરણ અંગે મોડેલ સ્કુલના પ્રિ. સંતોષભાઇ બારેવડીયાએ વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ મોડેલ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાથમિક શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

✲ એમ.એમ. ચૌધરી આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગરમાં સકસેસ રિસર્ચ ફાઉન્ડેશન, જ્ઞાનધારા અને ઉદ્દીશા કલબ, રાજેન્દ્રનગરના ઉપક્રમે કેરીયર ગાઇડન્સ અને કેરીયર કાઉન્સેલીંગ શ્રી મુકેશભાઇ (મોડાસા) દ્વારા કરવામાં આવ્યું હતું.

✲ તા. ૩૧-૭-૧૭ના રોજ મહિલા કોલેજ, ઊંઝાના એન.એસ.એસ.ના પ્રો.ઓ. ડૉ. જયેશભાઇ બગડા તથા શ્રીમતી કલ્યાણી વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠાના પુરપીડિતો માટે ફાળો એકત્ર કરવામાં આવ્યો હતો.

## વ્યાખ્યાન

* તા. ૩૧-૭-૨૦૧૭ના રોજ મહિલા કોલેજ, ઊંઝામાં જ્ઞાનધારાના ઉપક્રમે થેલેસેમિયા જાગૃતિ વિષે કોલેજના મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષશ્રી રમેશભાઇ પટેલે માહિતીસભર વ્યાખ્યાન આપ્યું હતું અને તા. ૧-૮-૨૦૧૭ના રોજ થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરેલ હતું.

* એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ, પાલનપુરમાં તા. ૩-૮-૨૦૧૭ના રોજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા 'મહિલા સશક્તિકરણ પખવાડીયા'ની ઉજવણીના ભાગરૂપે 'મહિલા સ્વાવલંબન શિબિર' અંતર્ગત કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટેનું વ્યાખ્યાન યોજાઇ ગયું. ખાનગી ક્ષેત્રમાં નોકરીની તકો વિષે માનસી જોષીએ માહિતી આપી હતી. અન્ય અધિકારીશ્રીઓએ સ્વરોજગારની જુદી જુદી યોજનાઓ વિષે જાણકારી આપી હતી.

* શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજમાં 'મહિલા સશક્તિકરણ' અંગે વ્યાખ્યાન યોજાયું. જેમાં રાધનપુરના ડૉ. પ્રવિણભાઇ ઓઝા દ્વારા સ્ત્રીભ્રૂણ હત્યા, મહિલાઓનો પ્રકૃતિજન્ય સ્વભાવ, મહિલા શિક્ષણ તેમજ સ્વાઇન ફ્લુ અંગે અગમચેતી તથા ઉપાય વિશે માહિતી સભર વ્યાખ્યાન આપ્યું હતું.

* શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં તા. ૨૪-૮-૨૦૧૭ના રોજ 'ઉદ્દીશા કલબ' સંદર્ભે "કારકીર્દી માર્ગદર્શન અને વ્યક્તિત્વ વિકાસ" વિષય પરત્વે દરામલી એજ્યુકેશન કોલેજના અધ્યાપકશ્રી ડૉ. મહેશભાઇ કે. ચૌધરીનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

* શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણનાં મનોવિજ્ઞાન વિભાગ અને મહિલા સેલનાં સંયુક્ત ઉપક્રમે "તરૂણાવસ્થાની જાતિય સમસ્યાઓ" સંદર્ભે પાટણનાં ઓમ મેટરનીટી હોસ્પિટલનાં ગાયનેકોલોજીસ્ટ ડૉ. કીરીટભાઇ સી. પટેલે નિષ્ણાંત તરીકે વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

* ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને શેઠશ્રી બી.સી. શાહ આર્ટ્સ કોલેજ, વડાલીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬-૮-૨૦૧૭ના રોજ તારાબેન મંગળદાસ વ્યાખ્યાનમાળા યોજાઇ. સરદાર પટેલ યુનિવર્સિટીના ડૉ. પરમ પાઠકે 'સંશોધન લોકવાણીનું' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

* શ્રી એસ.એસ. મહેતા આર્ટ્સ અને એમ.એમ. પટેલ કોમર્સ કોલેજ, મોતીપુરા, હિંમતનગરમાં એન.એસ.એસ. પરિવારના ઉપક્રમે વ્યાખ્યાન યોજાયું. વક્તાશ્રી પાંચાભાઇ માળી (ચીફ ઓફિસરશ્રી હિંમતનગર નગરપાલિકા) દ્વારા ભારતની આઝાદીથી અત્યાર સુધી માનવ નિર્મિત અને કુદરત રીતે પર્યાવરણ જ્યારે પ્રદુષિત થાય છે ત્યારે તેની સમગ્ર જીવસૃષ્ટિ ઉપર કેવી ભયંકર અસર ઉભી થાય છે, તે અને તેને નિવારવાના ઉપાયો જણાવ્યા હતા.

## સેમિનાર

* યુ.જી.સી. તથા ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય 'માનવ અધિકાર' સેમિનાર શ્રી મરુતકુમાર બી. ત્રિવેદીના અધ્યક્ષ પદે યોજાઇ ગયો.

* એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજના Women Development Cell તથા Career Counseling & Placement Cell અંતર્ગત તા. ૨૩-૮-૨૦૧૭ના રોજ 'ઇન્ટરવ્યું ટેકનિક'નો વર્કશોપ યોજાઇ ગયો. કડી રોટરી કલબના પ્રેસિડેન્ટ ડૉ. વિષ્ણુભાઇ પ્રજાપતિએ વિદ્યાર્થિનીઓને ઇન્ટરવ્યું ટેકનિકથી માહિતગાર કર્યા હતાં.

## સ્પર્ધા

* આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ઇડરમાં તા. ૧૭-૭-૨૦૧૭ના રોજ સપ્તધારા અંતર્ગત ક્વીઝ સ્પર્ધા યોજાઇ. જેમાં પ્રથમ ક્રમે જાની દિશા દિનેશકુમાર અને દ્વિતીય ક્રમે પંચાલ ખ્યાતી રોહિતકુમાર વિજેતા રહ્યા હતા. તેમજ તા. ૨૧-૭-૨૦૧૭ના રોજ ગીત-સંગીતધારા અંતર્ગત લગ્નગીત તથા શાસ્ત્રીય કંઠ્ય સંગીતની રજૂઆત અને લોકગીત, હળવું કંઠ્ય સંગીત તથા દેશભક્તિ ગીતની સ્પર્ધા યોજાઇ. જેમાં પ્રથમ ક્રમે ચૌધરી ઝલક એમ., દ્વિતીય ક્રમે ચૌધરી અક્ષિતા આર., તૃતીય ક્રમે ચૌધરી દિવ્યા પી. અને ચૌધરી દેવિકા એ. તેમજ શાસ્ત્રીય કંઠ્ય સંગીતમાં શાહ રૂચિત કે. પ્રથમ ક્રમે વિજેતા રહ્યા હતા તેમજ તા. ૨૨-૭-૨૦૧૭ના રોજ નૃત્યધારા અંતર્ગત વેસ્ટર્ન ડાન્સ સ્પર્ધા યોજાઇ. જેમાં પ્રથમ ક્રમે પ્રજાપતિ પ્રતિક બી., દ્વિતીય ક્રમે વાઘેલા આકાશ કે. અને તૃતીય ક્રમે યાજ્ઞિક નીયાન્સી એન. વિજેતા રહ્યા હતા.

* તા. ૩-૮-૨૦૧૭ના રોજ મહિલા કોલેજ, ઊંઝામાં કલા-કૌશલ્યધારા અંતર્ગત ઇનરવ્હીલ કલબના સંયુક્ત ઉપક્રમે રંગોળી, વાનગી, હેરસ્ટાઇલ, ચિત્રસ્પર્ધા, મહેંદી અને કોલાજ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ગીત-સંગીત નૃત્યધારા અંતર્ગત કારગિલ વિજય દિવસ નિમિત્તે શૌર્યગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રોટરી કલબના પ્રમુખ વસંતભાઈ પટેલ અને મંત્રી હિતેશભાઈએ પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થિનીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરી હતી.

* ધી ન્યૂ પ્રોગ્રેસિવ કૉલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણા દ્વારા તા. ૪-૮-૨૦૧૭ના રોજ દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ જાનકી, દ્વિતીય ક્રમે પટેલ રક્ષા તૃતીય નિરબાન ફરાહાના વિજેતા રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. લતાબેને કર્યું હતું.

* શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરમાં 'સર્જનાત્મક અભિવ્યક્તિધારા' તેમજ 'જ્ઞાનધારા'ના સંયુક્ત ઉપક્રમે તા. ૫-૮-૨૦૧૭ના રોજ 'નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી સમાન છે' એ વિષય ઉપર વક્તવ્યો તેમજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પરમાર મિત્તલ, દ્વિતીય ક્રમે રાઠોડ કુસુમ અને તૃતીય ક્રમે પટેલ સપના અને રાઠોડ શિલ્પા વિજેતા બન્યા હતા.

* શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કૉલેજ, મહેસાણામાં વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારીની અમદાવાદ શાખા દ્વારા 'સફળ યુવા, સમર્થ ભારત અને સ્વામી વિવેકાનંદના જીવન સંદેશ' પર આધારિત સાંસ્કૃતિક સ્વાધ્યાય કસોટીનું આયોજન તા. ૯-૮-૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું હતું. તેમાં ૧૦૭ વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી હતી. અંગ્રેજી વિભાગ દ્વારા સુલેખન સ્પર્ધા 'કેલીગ્રાફી કોમ્પીટીશન'નું આયોજન સેમ-૩ની વિદ્યાર્થિની

બહેનો માટે કરવામાં આવ્યું. જેમાં પ્રથમ ક્રમાંકે સોલંકી દિક્ષિતા, દ્વિતીય ક્રમે પ્રજાપતિ ભાર્ગવી અને તૃતીય ક્રમે વાઘેલા એકતા આવેલ હતા.

* તા. ૯-૮-૨૦૧૭ના રોજ સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વડનગર ખાતે ‘વેસ્ટમાંથી બેસ્ટ’ અને ‘કાવ્ય સર્જન’ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધાના વિજેતા : પ્રથમ ક્રમે તુરી ઉર્મિલા એન., દ્વિતીય ક્રમે પઠાણ સાનીયાબાનુ, તૃતીય ક્રમે વાઘેલા મીનલ ડી. અને ફકીર રબ્બેકા આઇ. તેમજ કાવ્યસર્જન સ્પર્ધાના વિજેતા : પ્રથમ ક્રમે સેનમા સાવન એ., દ્વિતીય ક્રમે પંડ્યા નિકિતા એચ. અને તૃતીય ક્રમે ઠાકોર ઉજ્જવલસિંહ જે. રહ્યા હતા.

* સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈ ખાતે તા. ૧૨-૮-૨૦૧૭ના રોજ દેશ ભક્તિગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ ક્રમાંકે મકવાણા કાજલબેન, બીજા ક્રમાંકે રાઠોડ અંજનાબેન અને ત્રીજા ક્રમાંકે રાઠોડ રોશનીબેન વિજેતા બન્યાં હતાં.

* મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીમાં ૯ ઓગષ્ટના રોજ ‘હિંદ છોડો આંદોલન દિવસ’ની ઉજવણીના ભાગરૂપે દેશભક્તિ ગીત-સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં પ્રથમ સ્થાને નૂપુર સુથાર, દ્વિતીય સ્થાને ગાયત્રી પ્રજાપતિ તથા તૃતીય ધૃતી કૌશલ રહ્યા હતા. તેમજ રંગ કલાકૌશલ્ય ધારા અંતર્ગત મહેંદી સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં પ્રથમ ક્રમે દરજી અંઝલી આર., દ્વિતીય ક્રમે ગોહિલ પારૂલ બી. તથા તૃતીય ક્રમે પ્રજાપતિ નિકિતા એમ. વિજેતા રહ્યા હતા.

* આર્ટ્સ કૉલેજ, વડાલીમાં કલા-કૌશલ્ય ધારા હેઠળ તા. ૧૦-૮-૨૦૧૭નાં રોજ મહેંદી અને કેશગૂંથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઉર્મિલા સોલંકી, દ્વિતીય ક્રમે ફોરમ સુખડીયા અને તૃતીય ક્રમે રેખા વાઘેલા વિજેતા થયા હતા. જ્યારે કેશગૂંથન સ્પર્ધામાં પ્રથમ ક્રમે ધરતી મકવાણા, દ્વિતીય ક્રમે સપના સગર, તૃતીય ક્રમે વીણા સગર વિજેતા થયા હતા.

* શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના સાંસ્કૃતિક વિભાગ અને ગીત-સંગીતધારાના ઉપક્રમે તા. ૧૨-૮-૨૦૧૭ના રોજ દેશભક્તિ/શૌર્યગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નાયક મોહનીશ આર.-પ્રથમ ક્રમે, બારોટ રીપેશ એ. અને દેસાઈ વિષ્ણુ બી.-દ્વિતીય તથા નાયક જયેશ એ. - ત્રીજા ક્રમે વિજેતા થયેલ. તેમજ ૭૧મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે લાયન્સ કલબ દ્વારા દેશભક્તિ/શૌર્યગીત સ્પર્ધાનું આયોજન ગાંધી સ્મૃતિ હોલ ખાતે કરાયું હતું. જેમાં બી.એ. સેમ-૧ના વિદ્યાર્થી નાયક મોહનીશે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. સતત પાંચમા વર્ષે લાયન્સની રનીંગ ટ્રોફી કૉલેજને પ્રાપ્ત થઈ હતી.

* વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં સપ્તધારા અંતર્ગત રસોઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે પઠાણ સાનિયાબાનુ જી., બીજા ક્રમે મીર મુસ્કાન એ. અને ત્રીજા ક્રમે તુરી ઉર્મિલા એન. રહ્યા હતા તેમજ મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે ફકીર સેરબાનુ એમ., બીજા ક્રમે સોની રાજેશ્રી સી. અને ત્રીજા ક્રમે ઠાકોર મિત્તલ આર. રહ્યા હતા.

* આશ બી.એડ્. કૉલેજ, વિજાપુર દ્વારા શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

* આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં સપ્તધારા અંતર્ગત વિવિધ સ્પર્ધાનું આયોજન થયું હતું. વિદ્યાર્થીઓએ યુવાનની દિશા અને દશા, ગરીબ બાપની વેદના, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, શાકભાજીવાળી અને આતંકવાદીની બહેનના અભિનયો રજૂ કર્યા હતા. આ સાથે ગાંધીજીના વિચારોની અવગણના કરતા આજના સમાજનું માઈમ રજૂ થયુ હતું. જેમાં પ્રથમ સ્થાને દેસાઈ કલ્યાણ, બીજા સ્થાને ઠક્કર નિશા અને ત્રીજા સ્થાને ઝંડાવાળા રાધીકા વિજેતા બન્યા હતા.

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઈપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) ‘ઉદીચ્ય’માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.


**ડૉ. નિલેષ એ. પટેલ-કાર્યકારી ગ્રંથપાલ**
શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
ટી.બી. રોડ, પાટણ - ૩૮૪૨૬૫. મો. ૯૮૯૮૧ ૩૩૨૭૫
ઈ-મેઈલ : udichyahngu@gmail.com


## સબરસ

પત્ની સેલ્ફી લે અને પછી ડીલીટ કરે અને કેમેરાનો કાચ સાફ કરે, આમ અડધો કલાક ચાલ્યુ, પતિથી ના રહેવાયું અને બોલાઈ ગયું કે એકવાર મોં સાફ કરીને ટ્રાય કર.


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**Hemchandracharya North Gujarat University, Patan**
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

**Editor : Dr. Nilesh Patel** (I/c University Librarian), **Dr. Chanduji Thakor**
**Published by : Dr. D.M.Patel,** I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2017, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.